# ગોઢાણીયા કોલેજમાં રાષ્ટ્રીય સેમિનાર યોજાશે

## ૧૫૦ જેટલા રીસર્ચ પેપરો રજુ થશેઃ અનેક આગેવાનોની ઉપસ્થિતીમાં યોજાનારા કાર્યક્રમમાં બહારથી નિષ્ણાંતો આવશે

**પોરબંદર**

પોરબંદરની ગોઢાણીયા કોલેજમાં રાષ્ટ્રીયકક્ષાના સેમિનારનું આયોજન થયું છે.

સૌરાષ્ટ્રની પ્રતિષ્ઠિત કોલેજોની યાદીમાં પોતાનું નામાંકન કરવી ચૂકેલી, પોરબંદરની ડો.વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ વર્ષ - ૨૦૧૨-૧૩ દરમિયાન પોતાની સ્થાપનાના રજત જયંતિ વર્ષની ઉજવણી કરી રહી છે. આ ઉજવણીના દ્વિતિય ચરણમાં તા. ૨૬ ફેબ્રુઆરી - ૨૦૧૩ના રોજ - 'સંસ્કૃતિ, સભ્યતા અને શિક્ષણ' એ શિર્ષક સાથે એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરાયું છે.

આ સેમિનારના ચેરપર્સન તરીકેનું સ્થાન દિલ્હી ખાતેની શ્રી જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તથા અંગ્રેજી દૈનિક વર્તમાનપત્રના જાણીતા કટાર લેખક ડો. મકરંદ પરાંજયે શોભાવશે.મુખ્ય મહેમાનપદે સંસ્થાના પ્રમુખશ્રી ડો. વિરમભાઇ ગોઢાણિયા તથા અતિથિ વિશેષ તરીકે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અર્જુનભાઇ મોઢવાડિયા બિરાજશે.

આ નેશનલ સેમિનારને ચિંતનસભર બનાવવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતેથી ડો. જયદિપસિંહ ડોડીયા, ડો. અંબાદાન રોહડિયા, ડો. દક્ષાબહેન જોષી ઉપરાંત પોરબંદરના જાણીતા વિદ્વાનશ્રી નરોતમભાઇ પલાણ, ડો.એ.આર. ભરડા, ડો. હરિનબહેન મજીઠીયા, ડો. ચંદ્રકલાબહેન કકકડ, પ્રિ.શ્રી ડો. રામદતી, ડો. કશ્યપભાઇ જોષી, પ્રા. શાંતિબહેન મોઢવાડિયા ખાસ હાજરી આપશે તથા તેમના અમૂલ્ય જ્ઞાન તથા અનુભવોનો લાભ પણ સૌને અપાવશે.

સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી આ સેમિનારમાં ભાગ લેવા માટે ૧૫૦થી પણ વધુ પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થી ભાઇ-બહેનોએ જુદી-જુદી થીમ ઉપર રિસર્ચ પેપર તૈયાર કરીને મોકલાવી આપ્યા છે. જેને સાત પેરેલલ સેશનમાં વિભાજીત કરીને દરેકને પોતાનું પેપર પ્રેઝન્ટ કરવાની તક અપાશે. આ નેશનલ સેમિનારને અવિસ્મરણી બનાવવા માટે સુવેનિયર પણ તૈયાર કરાયું છે. અને ગુણવતાસભર રિસર્ચ પેપરોને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાનું આયોજન પણ છે જ હાલમાં આ નેશનલ સેમિનારને સફળ બનાવવા માટે ડો.વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના પ્રમુખશ્રી ડો. વીરમભાઇ ગોઢાણીયા, ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા, પ્રિન્સીપાલશ્રી ડો. નાગર, વાઇસ પ્રિન્સીપાલશ્રી કરથરા કોલેજની સેમિનાર સમિતિના તમામ સભ્યોશ્રી તથા સમગ્ર કોલેજ પરિવાર જહેમત ઉઠાવી રહ્યો છે.